For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

અધિકારીઓની મનમાની અંગે પાંચ ધારાસભ્યોના પત્રથી પછી સાંસદે કહ્યું, સંકલન થાય જ છે

# ધારાસભ્યોથી વિપરીત સાંસદે જુદો જ રાગ આલાપ્યો, "અધિકારીઓ તો બધાંનું સાંભળે છે"

**સમગ્ર** વિષયનો અભ્યાસ કર્યા બાદ જ કોઈ નિશ્ચિત જવાબ આપશ

(પ્રતિનિધિ) વડોદરા તા.9

રાજ્યમાં અધિકારી રાજ ચાલી રહ્યું હોવાના અને લોકપ્રતિનિધિઓની વાત સાંભળવામાં આવતી ન હોવાના આક્ષેપ સાથે વડોદરા જિલ્લાના પાંચ ધારાસભ્યોએ મુખ્યમંત્રીને પત્ર લખતા રાજકારણમાં ગરમાવો આવ્યો છે. આ ગંભીર મામલે વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશીએ પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું કે અધિકારીઓ તો બધાંનું સાંભળે છે અને સંકલન થાય જ છે. જોકે તેમણે એમ પણ જણાવ્યું હતું કે તેઓ આ બાબતથી હાલ પૂરતા અજાણ છે અને સમગ્ર વિષયનો અભ્યાસ કર્યા બાદ જ કોઈ નિશ્ચિત જવાબ આપી શકશે.



ઉલ્લેખનીય છે કે, ધારાસભ્યોએ સામૂહિક રીતે રજૂઆત કરી છે કે વહીવટી તંત્રમાં અધિકારીઓનું વર્ચસ્વ વધી રહ્યું છે. ધારાસભ્યોએ પત્રમાં આક્ષેપ કર્યો છે કે જનતાના કામો માટે જ્યારે તેઓ રજૂઆત કરે છે, ત્યારે અધિકારીઓ યોગ્ય પ્રતિસાદ આપતા નથી, જેના કારણે સામાન્ય જનતાને હાલાકી ભોગવવી પડે છે. આ બાબતે અગાઉ પણ ફરિયાદો ઉઠી હતી, પરંતુ ફરી એકવાર આ મુદ્દો સીએમ સુધી પહોંચાડવામાં આવ્યો છે.

આ મામલે સાંસદ ડો. હેમાંગ જોશીએ જણાવ્યું કે, "આ વિષય મારા ધ્યાન પર મીડિયાના માધ્યમથી આવ્યો છે. મારી ઓફિસ કલેક્ટર કચેરીના સંકુલમાં જ આવેલી છે અને અત્યાર સુધી મને કોઈ કડવો અનુભવ થયો નથી. અમે અધિકારીઓ સાથે મળીને જ અનેક જનકલ્યાણકારી યોજનાઓના કેમ્પ ચલાવી રહ્યા છીએ અને વડોદરામાં વહીવટી તંત્ર સાથે સારું સંકલન જોવા મળે છે."

વધુમાં તેમણે ઉમેર્યું કે, "કોઈપણ ચૂંટાયેલા પ્રતિનિધિ પોતાની વેદના કે રજૂઆત મુખ્યમંત્રી સમક્ષ કરી જ શકે છે. આ પત્રમાં કયા ધારાસભ્યોએ શું રજૂઆત કરી છે તે અંગે હું પહેલા ધારાસભ્ય સાથે ચર્ચા કરીશ અને તેમની રજૂઆત મંગાવીને તેનો ઊંડો અભ્યાસ કરીશ. ત્યારબાદ જ હું આ મુદ્દે વધુ સ્પષ્ટતા કરી શકીશ."

ધારાસભ્યો કરતા સાંસદે કંઈક અલગ જ વાત કરતા આ વિવાદ હજુ વધારે વકરે તેવા સંભાવના જોવાઈ રહી છે.

**જો વહીવટી તંત્ર સામે ખરેખર એટલો અસંતોષ હતો તો તે બેઠકો દરમિયાન ખુલ્લેઆમ રજૂઆત કેમ ન કરવામાં આવી?**

## સ્થાનિક સ્વરાજય અને સહકારી સંસ્થાઓની ચૂંટણી પહેલા દબાણની રાજનીતિ?

**વડોદરાના કલેક્ટરની કાર્યશૈલી સામે સામાન્ય પ્રજામાં પણ અસંતોષ છે એ વાત સાચી, પણ એમને અત્યાર સુધી આ પાવરફુલ નેતાઓ કેમ સહન કરતા રહ્યા?**

(પ્રતિનિધિ) વડોદરા તા.9

પાંચ ધારાસભ્યોએ જે સમય પસંદ કરી "લેટર બોમ્બ" ફોડ્યો છે, તે સમયને લઈને પક્ષની અંદર જ પ્રશ્નો ઊભા થયા છે. આંતરિક વર્તુળોમાં ચર્ચા છે કે આ પગલાં પાછળ વાસ્તવિક જનહિત કરતાં રાજકીય દબાણની રણનીતિ વધુ દેખાઈ રહી છે.

આંતરિક સૂત્રો મુજબ વડોદરાના પ્રભારી તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વારંવાર વડોદરા મુલાકાતે આવે છે અને આ ધારાસભ્યો સાથે બેઠકો પણ થાય છે. ત્યારે પ્રશ્ન એ ઊભો થાય છે કે જો વહીવટી તંત્ર સામે ખરેખર એટલો અસંતોષ હતો તો તે બેઠકો દરમિયાન ખુલ્લેઆમ રજૂઆત કેમ ન કરવામાં આવી? કલેક્ટર સહિતના અધિકારીઓ સાથે સંકલન બેઠકમાં તમામ ધારાસભ્યો એકસાથે અવાજ કેમ ઉઠાવી શક્યા નહીં? વડોદરાના કલેકટરની કાર્યશૈલી સામે સામાન્ય પ્રજામાં પણ અસંતોષ છે એ વાત સાચી, પણ એમને અત્યાર સુધી આ પાવરફુલ નેતાઓ કેમ સહન કરતા રહ્યા?

વડાપ્રધાનના ગુજરાત પ્રવાસના સમયગાળા દરમિયાન જ અચાનક જનતાની પીડા દેખાવા લાગી તે પક્ષની અંદરના ગોઠવણમાં ચર્ચાનો વિષય બની છે. કહેવાય છે કે આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને બરોડા ડેરી સહિતની મહત્વની સહકારી સંસ્થાઓની ચૂંટણી પૂર્વે પક્ષ પર દબાણ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

જિલ્લા ભાજપ પ્રમુખ પણ કહ્યાગરો મળે તે માટે દબાણની રણનીતિ અપનાવવામાં આવી રહી હોવાની ચર્ચા છે. આ સમગ્ર ઘટનાક્રમને લઈને પક્ષની અંદર અસ્વસ્થતા અને આંતરિક ગણગણાટ સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યો છે.

અધિકારીઓની મનમાનીથી શહેર બેહાલ: ધારાસભ્યો બાદ હવે વેપારીઓ પણ મેદાને

## વગર પ્લાનિંગે ખોદકામ અને વહીવટી ઉદાસીનતા સામે વડોદરામાં જંગ છેડાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા શહેર અને જિલ્લામાં લોકપ્રતિનિધિઓ અને વહીવટી અધિકારીઓ વચ્ચેનો ગજગ્રાહ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. વડોદરા જિલ્લાના પાંચ ધારાસભ્યોએ રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને પત્ર લખીને અધિકારીઓ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. ધારાસભ્યોના આ આક્રમક વલણને હવે સ્થાનિક વેપારી સંગઠનો અને એપીએમસી બજાર દ્વારા પણ સમર્થન મળ્યું છે.

ધારાસભ્યોના આ પગલાને હાથીખાના એપીએમસી બજારના પ્રમુખે જાહેર સમર્થન જાહેર કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે, વડોદરાને જો પ્રગતિના પંથે આગળ લઈ જવું હોય તો અધિકારીઓની આ જોહુકમી પર લગામ કસવી જરૂરી છે. ધારાસભ્યોએ કોઈ અંગત સ્વાર્થ માટે નહીં પણ પ્રજાના પ્રશ્નો ઉકેલવા માટે આ લડત છેડી છે, જે અભિનંદનને પાત્ર છે. શહેરમાં અનેક જગ્યાએ વગર વિચારે કરેલા ખોદકામને કારણે સામાન્ય જનતા અને વેપારીઓ પરેશાન છે. ટ્રાફિકની સમસ્યા, પ્રાથમિક સુવિધાઓ જેવી કે પાણી અને ગટરની લાઈનોનો અભાવ વગેરે પ્રશ્નો અધિકારીઓના નબળા આયોજનને કારણે ઉદ્ભવ્યા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

હવે જોવાનું એ રહેશે કે પાંચ ધારાસભ્યોના આ પત્ર અને તેને મળી રહેલા જનસમર્થન બાદ રાજ્ય સરકાર વડોદરાના આ 'બેલગામ' અધિકારીઓ સામે કેવા પ્રકારના શિસ્તભંગના પગલાં લે છે.

શહેરના પ્રથમ નાગરીક એવા મેયરના જ વોર્ડમાં 'પાણીકાળ'

# દત્તનગરમાં 10 દિવસથી જળ સંકટ મહિલાઓએ માટલા ફોડી વ્યક્ત કર્યો રોષ

**'પાણી** નહીં તો વોટ નહીં'ના નારા સાથે સ્થાનિકોનો મનપા સામે હલ્લાબોલ



(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા એક તરફ વડોદરા મહાનગરપાલિકા સ્માર્ટ સિટીના દાવાઓ કરી 24 કલાક પાણી આપવાના બણગા ફૂંકી રહી છે, ત્યારે બીજી તરફ વાસ્તવિકતા કંઈક જુદી જ હોવાનું સામે આવ્યું છે. શહેરના આજવા રોડ પર આવેલા દત્તનગર વિસ્તારમાં છેલ્લા 10 દિવસથી પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાતા સ્થાનિક રહીશોનો પિત્તો ગયો હતો. ખાસ કરીને વડોદરાના મેયર પિન્કીબેન સોનીના જ વોર્ડમાં નાગરિકો પાણીના એક-એક ટીપા માટે તરસી રહ્યા હોવાની ઘટનાએ તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

દત્તનગર વિસ્તારની મહિલાઓએ મીડિયા સમક્ષ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા દસ દિવસથી તેઓ પાણી માટે હેરાન-પરેશાન છે. શરૂઆતમાં નળમાં કચરાવાળું અને દુર્ગંધયુક્ત ગંદુ પાણી આવતું હતું, જે પીવાલાયક નહોતું. પરંતુ છેલ્લા કેટલાય દિવસોથી તો એ પાણી આવતું પણ સાવ બંધ થઈ ગયું છે. ઘરકામ અને પીવાના પાણી માટે મહિલાઓને ધોમધખતા તાપમાં દૂર-દૂર સુધી ભટકવું પડી રહ્યું છે.

તંત્રની ઘોર નિદ્રા ઉડાડવા માટે આજે મોટી સંખ્યામાં મહિલાઓ માટલા લઈને રોડ પર ઉતરી આવી હતી. રોષે ભરાયેલી મહિલાઓએ રસ્તા પર જ માટલા ફોડી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન "પાણી નહીં તો વોટ નહીં" અને "મેયર પિન્કી સોની હાય હાય" ના ગગનભેદી નારા લગાવવામાં આવ્યા હતા.

સ્થાનિકોએ ગંભીર આક્ષેપ કર્યો છે કે જ્યારે તેઓ પોતાની રજૂઆત લઈને ચૂંટાયેલા નગરસેવકોને ફોન કરે છે, ત્યારે તેમને મદદ મળવાને બદલે અપમાનિત કરવામાં આવે છે. રહીશોના જણાવ્યા અનુસાર, નગરસેવકો એવું કહીને ફોન કાપી નાખે છે કે "અમને ફોન નહીં કરવાનો". મેયરના જ વિસ્તારમાં જનતાના પ્રતિનિધિઓનું આવું વર્તન જોઈને રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મહાનગરપાલિકા દ્વારા આટલી મોટી વસ્તી વચ્ચે માત્ર બે જ પાણીના ટેન્કર મોકલવામાં આવે છે. અપૂરતા ટેન્કરને કારણે પાણી ભરવા માટે મહિલાઓ વચ્ચે ભારે ખેંચતાણ અને ઝઘડાના દ્રશ્યો સર્જાય છે. સ્થાનિકોની માંગ છે કે જ્યાં સુધી લાઈન દ્વારા શુદ્ધ પાણી ન મળે ત્યાં સુધી ટેન્કરોની સંખ્યા વધારવામાં આવે અને કાયમી ઉકેલ લાવવામાં આવે.

જામવાળી ભીમનાથ મંદિર પાસે 'પાણી આપો'ના નારાથી વિસ્તાર ગુંજ્યો

# સયાજીગંજમાં 6 માસથી પાણી ન મળતા રોષે ભરાયેલી મહિલાઓએ માટલા ફોડ્યા!

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા એક તરફ વડોદરાને 'સ્માર્ટ સિટી' તરીકે વિકસાવવાની મોટી-મોટી વાતો અને જાહેરાતો કરવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ શહેરના મધ્યમાં આવેલા સયાજીગંજ વિસ્તારના નાગરિકો ટીપું-ટીપું પાણી મેળવવા માટે વલખાં મારી રહ્યા છે. સયાજીગંજની જામવાળી ભીમનાથ મંદિર પાસે છેલ્લા છ માસથી પીવાનું પાણી ન આવતા સ્થાનિકોનો સંયમ ખૂટ્યો છે અને શુક્રવારે રોષે ભરાયેલા લોકોએ પાલિકા તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી માટલા ફોડી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.



સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, જામવાળી ભીમનાથ મંદિર વિસ્તારમાં છેલ્લા અડધા વર્ષથી પાણીનો પુરવઠો અનિયમિત અથવા નહિવત જેવો છે. પીવાના પાણીની મૂળભૂત સુવિધા માટે લોકોએ અનેકવાર વડોદરા મહાનગર પાલિકા માં લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. તેમ છતાં, પાલિકાના અધિકારીઓ દ્વારા માત્ર આશ્વાસન જ આપવામાં આવી રહ્યું છે. તંત્રની આ નિષ્ક્રિયતાને કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

શુક્રવારે વિસ્તારની મહિલાઓ અને પુરુષો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. 'પાણી આપો, પાણી આપો'ના નારા સાથે સ્થાનિકોએ માટલા ફોડીને તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો હતો.

વડોદરા મનપાના કર્મચારીઓ માટે 'ડેડલાઇન'

# 31 જાન્યુઆરી સુધીમાં સંપત્તિ જાહેર નહીં કરો તો પગાર પર મુકાશે કાપ!

**મકાન,** જમીન, સોનું અને શેરબજારના રોકાણની વિગતો હવે ઓનલાઇન આપવી પડશે

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા મહાનગરપાલિકામાં ફરજ બજાવતા વર્ગ-1 થી વર્ગ-3 ના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માટે રાજ્ય સરકારે મહત્વનો આદેશ જાહેર કર્યો છે. લાંબા સમયથી મિલકતોની વિગતો છુપાવતા કે નિયમનું પાલન ન કરતા કર્મચારીઓને હવે ફરજિયાતપણે પોતાની સંપત્તિ ઓનલાઈન જાહેર કરવી પડશે. જો આગામી 31 જાન્યુઆરી સુધીમાં મિલકતનું પત્રક અપલોડ કરવામાં નહીં આવે તો જે-તે કર્મચારીનો પગાર કાપી લેવા અથવા અટકાવી દેવાની કડક સૂચના આપવામાં આવી છે.

રાજ્ય સેવા વર્તણૂક નિયમો-1971 ના નિયમ-19 હેઠળ દરેક સરકારી કર્મચારીએ દર વર્ષે પોતાની સ્થાવર અને જંગમ મિલકતની વિગતો સરકારમાં જમા કરાવવી અનિવાર્ય છે. અત્યાર સુધી આ નિયમ માત્ર ઉચ્ચ અધિકારીઓ પૂરતો મર્યાદિત દેખાતો હતો અને મનપાના અન્ય કર્મચારીઓ દ્વારા આ બાબતે ઉદાસીનતા દાખવવામાં આવતી હતી. સરકારના ધ્યાન પર આવ્યું છે કે અનેક કર્મચારીઓ વર્ષોથી પોતાની આવક અને સંપત્તિ જાહેર કરતા નથી. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી સૂચના મુજબ, આ પ્રક્રિયાને વધુ સુગમ બનાવવા માટે ખાસ ફોર્મ અને માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. જો નિયત સમયમર્યાદામાં વિગતો નહીં ભરાય તો વહીવટી તંત્ર દ્વારા શિસ્તભંગના પગલાં પણ લેવામાં આવી શકે છે. આ પ્રક્રિયા પાછળ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય કર્મચારીઓની મિલકતમાં થતા વધારા-ઘટાડાનો સત્તાવાર રેકોર્ડ રાખવાનો અને પારદર્શિતા લાવવાનો છે. વડોદરા મનપાના વર્ગ-4 સિવાયના તમામ કર્મચારીઓ માટે હવે આ આદેશનું પાલન કરવું અનિવાર્ય બની ગયું છે, અન્યથા ફેબ્રુઆરી માસના પગાર પર તેની સીધી અસર જોવા મળી શકે છે.

### શું જાહેર કરવું પડશે?

કર્મચારીઓએ કેલેન્ડર વર્ષ 2028 દરમિયાનની તેમની તમામ મિલકતોની વિગતો ઓનલાઇન પોર્ટલ પર સબમિટ કરવાની રહેશે, જેમાં મુખ્યત્વે: સ્થાવર મિલકત: પોતાના નામે કે પરિવારના નામે રહેલા મકાન અને જમીન. જંગમ મિલકત: સોનું, વાહન, શેરબજારમાં રોકાણ કે અન્ય નાણાકીય રોકાણો.

## રુવાદ પાસે બાઈક સામસામે ભટકાતા, એક યુવકનું મોત, અન્ય ઘાયલ

(પ્રતિનિધિ) વડોદરા તા.9

રુવાદ ગામ પાસે બે બાઈક સામસામે ધડાકાભેર ભટકાઈ હતી. જેમાં ગંભીર રીતે ઘવાયેલા 23 વર્ષીય યુવકનુ ઘટના સ્થળ પર મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ખસેડાયો છે.

વડોદરા શહેર અને જિલ્લામાં અકસ્માતોએ જાણે માજા મુકી હોય તેમ એક પછી એક એક્સિડન્ટ બનાવો નોંધાઈ રહ્યા છે. ત્યારે વરણામા ગામ નજીક આવેલા રુવાગ ગામે બે બાઈક ચાલકો સામે ધડાકાભેર ભટકાયાં હતા. જેમાં બંને ગંભીર ઈજાઓ પહોંચતતા સ્થળ પર લોહીના ખાબોચિયા ભરાઈ ગયાં હતા. ગંભીર ઈજાઓથવાના કારણે સલાડ ગામના 23 વર્ષીય આશાસ્પદ યુવક પ્રફુલ રોહિતનું ઘટના સ્થળ પર મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક યુવકને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. વરણામા પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

15 વર્ષ જૂના સોના જેવા ઘર માટીમાં મળ્યા

# કડકડતી ઠંડીમાં પાલિકાનું 'ક્રૂર' બુલડોઝર સંતોષીનગરમાં 13 પરિવારો આશિયાના વિહોણા

**નાના બાળકો** અને વૃદ્ધો સાથે રહીશો રસ્તા પર આવી જતાં ભારે આક્રંદ



(પ્રતિનિધિ) વડોદરા તા.9

શહેરના ખોડીયાર નગર ડી-માર્ટની પાછળ, સંતોષીનગર-2 માં આજે વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખા દ્વારા મેગા ડ્રાઈવ યોજવામાં આવી હતી. છેલ્લા બે વર્ષથી વિવાદમાં રહેલા 13 જેટલા ગેરકાયદેસર મકાનો પર પાલિકાએ બુલડોઝર ફેરવી દીધું હતું. લાંબા સમયથી ચાલી રહેલી કાયદાકીય અને વહીવટી પ્રક્રિયાના અંતે આજે સવારથી જ પાલિકાનો કાફલો ઘટનાસ્થળે ત્રાટક્યો હતો.

દબાણ હટાવવાની આ કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પાલિકાની દબાણ શાખાની ટીમ સાથે સિક્યુરિટી વિભાગ, વિધ્યુત વિભાગ, મેડિકલ ટીમ અને સ્થાનિક પોલીસનો મોટો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. આ ઉપરાંત ટાઉન પ્લાનિંગ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળ પર હાજર રહ્યા હતા. પાલિકાના અધિકારીઓએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, "આ મકાનો છેલ્લા 10 થી 15 વર્ષથી ગેરકાયદેસર રીતે ઉભા કરવામાં આવ્યા હતા. ટી.પી. સ્કીમ મુજબ આ જગ્યા રોડ-રસ્તામાં આવતી હોવાથી તેને દૂર કરવી અનિવાર્ય હતી. રહીશોને અગાઉ અનેકવાર નોટિસ આપવામાં આવી હતી અને મકાન ખાલી કરવા માટે પૂરતો સમય પણ આપવામાં આવ્યો હતો. તેમ છતાં મકાનો ખાલી ન કરાતા આજે કાયદેસરની કાર્યવાહી કરી દબાણ દૂર કરાયું છે." વધારે દુઃખ વ્યક્ત કરતા એક વૃદ્ધાએ જણાવ્યું કે, "અત્યારે કડકડતી ઠંડી પડી રહી છે, નાના બાળકો અને વૃદ્ધોને લઈને અમે ક્યાં જઈશું? સરકારે અમને રસ્તા પર લાવી દીધા છે. અમારી પાસે રહેવા માટે બીજું કોઈ ઠેકાણું નથી."

## સયાજી હોસ્પિટલમાં 2 વર્ષની બાળકીના પોસ્ટમોર્ટમ બાબતે વિવાદ

(પ્રતિનિધિ) વડોદરા. તા.9

માંજલપુર વિસ્તારમાં રહેતી મહિલાની 2 વર્ષીય બાળકીનું સારવાર દરમિયાન મોત થયું હતું. સયાજી હોસ્પિટલના બાળકીના પોસ્ટ મોર્ટમ અંગે પરિવારજનોએ સંમતિ ન આપતા વિવાદ વકર્યો હતો.

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતી હેત્વી નામની 2 વર્ષીય બાળકી નું ગત રોજ સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. પરિવારજનો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા હતા કે ડૉ દ્વારા સારવારમાં બેદરકારીને કારણે બાળકીનું મૃત્ય નિપજ્યું છે. ત્યારે પરિવારજનો એ અમારે આગળ કોઈ જ કાર્યવાહી કરવી નથી, અમને બાળકી નો મૃતદેહ આપી દો. પરંતુ ડૉ દ્વારા બાળકીનું પોસ્મોર્ટમ કરવું પડશે તેવું જણાવતા પરિવારજનો રોષે ભરાયાં હતા. જેના લીધે સયાજી હોસ્પિટલ ફરી એક વાર વિવાદોમાં આવી હતી.

**સયાજી હોસ્પિટલના ન્યૂ સર્જિકલ બિલ્ડિંગમાં પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઓફિસર (PIO)ની બેદરકારી**

# પાણી લીકેજ થતાં દવાનો જથ્થો પલળ્યો, OT રૂમ સુધી પહોંચ્યું

**ફરજ** પર હાજર સફાઈ કર્મચારીઓની સમયસૂચકતા અને ઝડપી કાર્યવાહીના કારણે વધુ નુકસાન થતું અટક્યું





(પ્રતિનિધિ) વડોદરા. તા.9

વડોદરા શહેરની સૌથી મોટી સરકારી હોસ્પિટલ સયાજી હોસ્પિટલનું ન્યૂ સર્જિકલ બિલ્ડિંગ ફરી એકવાર PIO (પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓફિસર) ની ગંભીર બેદરકારીને કારણે વિવાદમાં આવ્યું છે. બિલ્ડિંગમાં પાણીની લાઈનના લીકેજના કારણે પહેલા માળ પર ચારે બાજુ પાણી ફરી વળવાની ઘટના સામે આવી છે, જેના લીધે હોસ્પિટલની મહત્વપૂર્ણ સેવાઓને નુકસાન થવાનો ભય ઊભો થયો છે. મળતી માહિતી મુજબ, ન્યૂ સર્જિકલ બિલ્ડિંગના પહેલા માળે પાણીની પાઈપલાઈનમાં લીકેજ થતાં મોટા પ્રમાણમાં પાણી ફેલાયું હતું. આ પાણી નજીકના દવા અને ઈન્જેક્શનના સ્ટોર રૂમમાં પણ ઘૂસી ગયું હતું, જેના કારણે કીમતી દવાઓ અને ઈન્જેક્શનનો મોટો જથ્થો પાણીમાં પલળી ગયો હતો. જોકે, ફરજ પર હાજર સફાઈ કર્મચારીઓની સમયસૂચકતા અને ઝડપી કાર્યવાહીના કારણે વધુ નુકસાન થતું અટક્યું હતું. તેમણે તાત્કાલિક ધોરણે પાણીને દૂર કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી. આ ઘટનાની સૌથી ગંભીર બાબત એ છે કે લીકેજ થયેલું પાણી માત્ર દવાની દુકાન પૂરતું સીમિત ન રહેતાં, ઈલેક્ટ્રિક વાયર લાઈનમાંથી નીચે ઉતરીને છેક ઓટી (ઓપરેશન થિયેટર) રૂમ સુધી પહોંચી ગયું હતું. ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં પાણી ઘૂસવાથી શોર્ટ સર્કિટ થવાનો કે મોટી દુર્ઘટના થવાનો ભય ઊભો થયો હતો. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, PIO દ્વારા પાણીની પાઈપલાઈનનું નિયમિત નિરીક્ષણ અને મેઈન્ટેનન્સ ન થવાને કારણે આ પરિસ્થિતિ સર્જાઈ છે. હોસ્પિટલ વહીવટી તંત્ર દ્વારા આ ગંભીર બેદરકારી બદલ જવાબદાર PIO અને અન્ય કર્મચારીઓ સામે તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# અલકાપુરી ગરનાળાના 'દ્વાર' ખુલ્યા: બુલેટ ટ્રેનની કામગીરી બાદ વાહનચાલકોને મોટી રાહત

**ફેરા** અને ટ્રાફિક જામની ઝંઝટમાંથી મુક્તિ મળતા શહેરીજનોમાં ખુશીની લહેર



(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરાના પશ્ચિમ વિસ્તારને શહેરના મુખ્ય ભાગ સાથે જોડતા અને અત્યંત મહત્વના એવા અલકાપુરી ગરનાળાને લાંબા સમય બાદ આખરે વાહન વ્યવહાર માટે ખુલ્લું મુકી દેવામાં આવ્યું છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીના કારણે આ માર્ગ બંધ કરવામાં આવ્યો હતો, જે પૂર્ણ થતા તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. રસ્તો ખુલતાની સાથે જ સ્થાનિક રહીશો અને રોજિંદા મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો છે.

અલકાપુરી ગરનાળું શહેરના ટ્રાફિક મેનેજમેન્ટ માટે કરોડરજ્જુ સમાન માનવામાં આવે છે. આ ગરનાળું ખુલવાથી હવે સ્ટેશન વિસ્તાર, જેતલપુર રોડ અને સયાજીગંજ તરફથી આવતા-જતા વાહનચાલકોને સીધો રસ્તો મળશે. આના પરિણામે શહેરના અન્ય મુખ્ય બ્રિજ અને ડાયવર્ઝન આપેલા રસ્તાઓ પર થતો ટ્રાફિક જામ હવે નોંધપાત્ર રીતે હળવો થશે.

શુક્રવારે જ્યારે ગરનાળું સત્તાવાર રીતે ખુલ્લું મુકાયું, ત્યારે વાહનચાલકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું કે, "બુલેટ ટ્રેન એ દેશનો મહત્વનો પ્રોજેક્ટ છે, પણ તેના કારણે પડતી મુશ્કેલીઓ હવે દૂર થઈ છે. ગરનાળું ખુલતા હવે સમયની બચત થશે અને ઈંધણનો ખર્ચ પણ ઘટશે."